# KENVI JEWELS LIMITED

**Registered Office: Shop No. 121 & 122 Super Mall Complex, Nr Lal Bunglow, CG Road, Ahmedabad-380006 Gujarat, India**

**CIN: L52390GJ2013PLC075720** **E-Mail:** compliance.kjl@gmail.com
**Website:** www.kenvijewels.com **Ph.: 079-22973199**


**Date:- January** 24, 2025

To,
The General Manager- Listing
The Corporate Relation Department,
BSE Limited
PJ Tower, 25th Floor, Dalal Street,
Mumbai-400 001.

**Subject: Submission of copies of Newspaper Advertisement regarding dispatch of Postal Ballot Notice and e-voting related matters.**
**Ref:** Kenvi Jewels Limited – Scrip Code - 540953

Pursuant to Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed copies of the notice to the shareholders regarding the dispatch of the Postal Ballot Notice and e-voting information published in the following newspapers dated 24th January, 2025:

1. Business Standard (English)
2. Jai Hind (Gujarati)

For, Kenvi Jewels Limited

CHIRAGKUMAR VALANI Digitally signed by CHIRAGKUMAR VALANI Date: 2025.01.24 12:06:30 +05'30'

Chiragkumar C. Valani
**Managing Director**
**Din:** 06605257

# ચાર મહિનામાં સેન્સેક્સમાં ૧૦,૦૦૦ પોઈન્ટનો કડાકોઃ ઈન્વેસ્ટરો હચમચ્યા

નવી દિલ્હી,તા.૨૩

બજારમાં લિસ્ટેડ કંપનીઓનાં તમામ લિસ્ટેડ શેરોનું કુલ મૂલ્ય, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી ૫૩.૮૬ લાખ કરોડ ઘટીને ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ રૂા.૪૩૮.૭૯ લાખ કરોડ થયું છે. ગયા વર્ષે ૨૭ સપ્ટેમ્બરના રોજ સેન્સેક્સ ૮૫૯૭૮.૮૪ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો ત્યારથી ભારતીય શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે અને લાર્જ-કેપ શેરોની કિંમત ઘટી રહી છે. ઈન્ડેક્સ છેલ્લાં ચાર મહિનામાં ૧૦૦૦૦ પોઈન્ટ્સ અથવા ૧૧.૭૯ ટકા જેટલો મોટો ઘટાડો થયો છે, જેનાં કારણે રોકાણકારો હચમચી ગયાં છે અને નોંધપાત્ર નુકસાનનો સામનો કરી રહ્યાં છે. નિફ્ટી ઈન્ડેક્સમાં પણ આ જ સમયગાળા દરમિયાન ૧૨.૩૮ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો. લાર્જ-કેપ શેરોને સૌથી વધુ ફટકો પડ્યો કારણ કે વિદેશી રોકાણકારોએ ભારે વેચાણ કર્યું હતું, જેનાં કારણે ચાર મહિનામાં એનએસઈ લાર્જ-કેપ ઈન્ડેક્સમાં ૧૩.૨૭ ટકાનો ઘટાડો થયો હતો.

## રોકાણકારોના ૫૪ લાખ કરોડ ડુબ્યાઃ મ્યુચ્યુઅલ ફંડોની NAVમાં પણ ધોવાણ

વેચવાલી વ્યાપક રહી છે, જેણે સમગ્ર બોર્ડમાં મોટી, મધ્યમ અને નાની મૂડી કંપનીઓને અસર કરી છે મિડ-કેપ ઈન્ડેક્સ ૧૨.૮૫ ટકા ઘટ્યો છે, જ્યારે સ્મોલ-કેપ ઈન્ડેક્સ ૯.૮૭ ટકા ઘટ્યો છે. જ્યારે આઈટી શેરો મોટાભાગે સ્થિર રહ્યાં હતાં, ત્યારે ઓટોમોબાઈલ અને ઓઈલ એન્ડ ગેસ જેવાં કેપિટલ ઈન્ટેન્સિવ સેક્ટર્સને ઘણું નુકસાન થયું હતું.

સમગ્ર ૨૦૨૪ દરમિયાન ભારતની જીડીપી વૃદ્ધિ ધીમી પડી રહી છે અને ઉચ્ચ-આવર્તન સૂચકાંકો મધ્યસ્થ થવા સાથે આર્થિક લેન્ડસ્કેપમાં નોંધપાત્ર ફેરફારો થયાં છે. ખાદ્ય ફુગાવો ઊંચો રહ્યો છે, જ્યારે ઉચ્ચ યુએસ બોન્ડ યીલ્ડે રૂપિયા સહિત મોટા ભાગની કરન્સી સામે ડોલરને મજબૂત બનાવ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા દરમાં ઘટાડો થવાની સંભાવનાઓ ઓછી થતા કોમોડિટીના ભાવ પણ વધવા લાગ્યાં છે.

યુએસ પ્રમુખપદની ચૂંટણી પછીનાં પરિણામોએ પરિસ્થિતિને વધુ વણસી છે, રોકાણકારો વધુને વધુ ડોલરની સંપત્તિની તરફેણ કરી રહ્યાં છે. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સએ ભારત સહિત મોટા ભાગની ઉભરતી બજારની ઈક્વિટી વેચી દીધી છે.

સમગ્ર બોર્ડમાં નેટ એસેટ વેલ્યુમાં ઘટાડો થવાથી રોકાણકારોના મ્યુચ્યુઅલ ફંડ હોલ્ડિંગને ઘણંર નુકસાન થયું છે. એક્સઆઈઆરઆરએ એક પરિમાણ છે જેનો ઉપયોગ મ્યુચ્યુઅલ ફંડ રોકાણ પરનાં વળતરની ગણતરી કરવા માટે થાય છે. તે અનિયમિત રોકડ પ્રવાહ સાથેનાં રોકાણો માટે ઉપયોગી છે. વેચવાલી છતાં, ડિસેમ્બરમાં ઈક્વિટી ફંડ્સનો પ્રવાહ ૧૪.૫ ટકા વધીને ૪૧૧૫૬ કરોડ થયો હતો.

સપ્ટેમ્બરમાં, મૂલ્યાંકન ખૂબ ઊંચા હતાં અને અર્થતંત્ર એક સ્વીટ સ્પોટ પર હતું કારણ કે જીડીપી વૃદ્ધિ ઊંચી હતી અને કોર્પોરેટ કમાણી મજબૂત હતી.

અચાનક જીડીપી નંબરો સાથે પરિસ્થિતિ બદલાઈ ગઈ, જીડીપી વૃદ્ધિમાં ઘટાડો કોર્પોરેટ પરિણામો દ્વારા પ્રબળ બન્યો હતો.

૨૦૨૪ ના બીજા ક્વાર્ટરમાં દેશની જીડીપી વૃદ્ધિ ૫.૪ ટકાના સાત-ક્વાર્ટરની નીચી સપાટીએ આવી ગઈ હતી. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંકના પારિબાએ જણાવ્યું હતું કે છેલ્લાં એક વર્ષમાં બેંકિંગ ક્રેડિટ ગ્રોથ, પર્સનલ લોન ગ્રોથ, જીએસટી કલેક્શન અને રેલ અને પોર્ટ ટ્રાફિક જેવાં મુખ્ય ઉચ્ચ-આવર્તન સૂચકાંકો ધીમાં પડ્યાં છે, જે ધીમી જીડીપી વૃદ્ધિમાં પ્રતિબિંબિત થાય છે.

### ૭૦ કરોડની ૧૦૧ વીઘા જમીન ટાંચમાં લીધી

# ઉત્તરાખંડમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ મંત્રી પર ઈડીનો સકંજો

દેહરાદુન, તા.૨૩

તાજેતરમાં, ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) એ ઉત્તરાખંડના પૂર્વ વન મંત્રી અને કોંગ્રેસ નેતા હરકસિંહ રાવત વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી અને દેહરાદૂનમાં સ્થિત તેમની ૭૦ કરોડ રૂપિયાની ૧૦૧ વીઘા જમીન જપ્ત કરી.

આ અંગે માહિતી આપતાં કેન્દ્રીય એજન્સીએ એક નિવેદનમાં કહ્યું કે, રાવતે કેટલાક લોકો સાથે મળીને દહેરાદૂનના સહસપુર સ્થિત આ જમીન પચાવી પાડવાનું કાવતરું ઘડ્યું હતું, જેના પછી ૨૦ જાન્યુઆરીએ ઈઢએ સ્ન્છ (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ) ની અરજી કરી હતી આ અંતર્ગત આદેશ જારી કરવામાં આવ્યો હતો, ૧૦૧ વીઘાના આ બે પ્લોટ અસ્થાયી રૂપે જોડવામાં આવ્યા હતા.

EDએ જણાવ્યું હતું કે અટેચ કરેલી જમીનની નોંધણી કિંમત માત્ર રૂ. ૬.૫૬ કરોડ છે, પરંતુ તેની વર્તમાન બજાર કિંમત રૂ. ૭૦ કરોડથી વધુ છે. ૬૪ વર્ષીય હરકસિંહ રાવત રાજ્યના પૂર્વ વન મંત્રી છે. ૨૦૨૨ની ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા.

ખાસ વાત એ છે કે આ એ જ જમીન છે, જેને લઈને હરકસિંહ રાવત અગાઉ પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, જોકે તપાસ બાદ તેમને કોર્ટમાંથી રાહત મળી હતી. ભાજપની સરકાર વખતે આ જમીનને લઈને હરકસિંહ રાવત પર ગાળિયો કસવાની કોશિશ કરવામાં આવી હતી. પરંતુ ત્યારે પણ તપાસ એજન્સીઓ આ મામલે કોઈ ચોક્કસ કાર્યવાહી કરી શકી ન હતી.

હરકસિંહ રાવત આ મામલે એવું કહીને કોર્ટમાં ગયા હતા કે મારા પર રાજકીય દ્વેષ રાખીને મને આ કેસમાં ફસાવવામાં આવ્યો છે. ત્યારબાદ તેમને કોર્ટમથી રાહત મળી હતી.


**નીડો હોમ ફાઈનાન્સ લિ.**

(અગાઉની એડેલવેઇસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ) (નીડો)

રજિ. ઓફિસ : ઓફિસ છે- ૫મે માળે, ટાવર ૩, વિંગ B, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર, કિરોલ રોડ, કુર્લા (પ.) મુંબઈ-૪૦૦૦ ૭૦.
રિજનલઓફિસઃ ૩૦૨-૩૦૪, ૩જે માળે થર્ડ આઈ વિઝન, પાંજરાપોળ- આઈઆઈએમ રોડ, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦૦૧૫.

**ખાનગી ટ્રિટી દ્વારા સ્થાવર મિલકતનું વેચાણ**

સરફૈસી કાયદો, ૨૦૦૨ હેઠળ મળેલ અધિકારોની કવાયતથી અને અધિકૃત અધિકારી દ્વારા સદર કાયદો અને નિયમો હેઠળ સિક્યોર્ડ લેણાની વસૂલાત માટે કબજે લીધેલ સ્થાવર મિલકતના વેચાણની વેચાણનોટિસ. અમને રૂ.૫,૦૦ ,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની ઓફર સદર મિલકત ખરીદવા માટે ખાનગી ટ્રિટીથી વેચાણ અન્વયે મળી છે. આથી અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ સિક્યોર્ડ અસ્ક્યામત ખાનગી ટ્રિટીથી વેચાણ કરવાનું નક્કી કરેલ છે.

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેવાદાર(રો), સહદેવાદાર(રો) તથા જામીનદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવાની કે નીચે વર્ણન કરેલ મિલકત નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડેલવેઇસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) (હવે પછી નીડો તરીકે ઉલ્લેખ થશે) તરફેણમાં ગિરવે રાખેલ તેનું 'જ્યાં છે, જેમ છે અને 'જે કાંઈ છે તે છે'ના આધારે 'ખાનગી ટ્રિટી'થી સરફૈસી કાયદાની જોગવાઈઓની શરતોને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ ૮(૫) (ડી) અને ૯ સાથે વંચાણે લેતા હેઠળ મુજબ લેણું વસૂલ કરવા માટે વેચાણ કરવામાં આવશે. જો સદર મિલકત માટે તમારી પાસે રૂ.૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની કરતાં વધુની ઓફર હોય તો તે પ્રકાશનની તારીખથી દિન ૧૫માં અધિકૃત અધિકારીને મોકલવી. જો એ મુજબની કોઈ ઓફર અમને નહીં મળે તો અમે સદર રૂ. ૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની ઓફર કિંમત સાથે સરફૈસી કાયદો, ૨૦૦૨ની સંબંધિત જોગવાઈઓ મુજબ ખાનગી ટ્રિટીથી વેચાણ માટેની આગળની કાર્યવાહી કરીશું.

| ક્રમ | દેવાદાર(રો)/સહદેવાદાર(રો)/જામીનદાર(રો)નું નામ | સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો |
|---|---|---|
| ૧ | મહેશભાઈ ભીખાભાઈ દરજી (દેવાદાર) મીનાબેન દરજી (સહ-દેવાદાર)સરનામુંઃસી/૩૦૧, નારાયણ રેસિડન્સી, આલોક સિટી સામે, આર્ચી ફાર્મ રોડ, બાવળા, અમદાવાદ-૩૮૨૨૨૦. ધિરાણખાતા નંબરઃ LAHMSTH0000084562 | રજિસ્ટ્રેશન જિલ્લો અને પેટા જિલ્લો અમદાવાદમાં તા. બાવળા ખાતે ગામ મોજે બાવળા ખાતે રે.સ. નં.૧૮૮ પૈકી ટાઉનપ્લાનિંગ સ્કિમ નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૪૧ ખાતે આવેલ 'નારાયણ રેસિડન્સી' નામની સ્કિમમાં ૩જે માળે, સ્થાવર મિલકત તે ફ્લેટ નં. સી/૩૦૧ (માપણી સુપર બિલ્ટ અપએરિયા ૭૫ ચો.મી. + ૩૦ ચો.મી. યુડીએસ ) મિલકતના તમામ હક્કહિસ્સાઓ. સીમાઓ આ પ્રમાણે છેઃ ઉત્તરઃ દાદર, દક્ષિણેઃ સી/૩૦૨, પૂર્વે : સી/૩૦૪, પશ્ચિમેઃ બ્લોક-ડી. |

સ્થળ: અમદાવાદ
તા.૨૪.૦૧.૨૦૨૫

સહી/-અધિકૃત અધિકારી
વતી નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડેલવેઇસ હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)




જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં ફેલાયેલી રહસ્યમય ગંભીર બીમારીના કારણે અત્યાર સુધીમાં ૧૭ લોકોના મોત થઈ ગયા છે. બધાલ ગામમાં સૌથી વધુ કેસો સાથે હોવાથી કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કર્યા છે નવા મળેલા ત્રણ દર્દીઓને હેલિકોપ્ટર મારફતે એરલિફ્ટ કરીને રાજૌરી ખસેડવામાં આવ્યા છે.

# કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની તબિયત લથડી મુસ્તફાબાદની ચૂંટણી રેલી કાર્યક્રમ રદ કર્યો

નવીદિલ્હી,તા.૨૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સાહુલ ગાંધી ગુરુવારે મુસ્તફાબાદમાં સૂચિત ચૂંટણી રેલી નહીં કરે. કોંગ્રેસના નેતાની તબિયત ખરાબ હોવાને કારણે તેમની રેલીનો કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે.

## સ્વસ્થ થયા બાદ દિલ્હીમાં પ્રચાર-પ્રસારમાં જોડાશે

અગાઉ, નાદુરસ્ત તબિયતને કારણે રાહુલ ગાંધી બુધવારે સાંજે સદર બજાર વિધાનસભા મતવિસ્તાર હેઠળના શહજાદા બામમાં યોજાયેલી ચૂંટણી રેલીને સંબોધિત કરી શક્યા ન હતા.

તેમણે એક સંદેશ દ્વારા લોકોને આગામી ચૂંટણીમાં પક્ષની જીત સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી, જે જાહેર સભામાં વાંચવામાં આવી હતી. કહેવાય છે કે પોતાની તબિયતને કારણે રાહુલે મંગળવારે 'જય બાપુ, જય ભીમ'ના નારા લગાવવાનું શરૂ કર્યું હતું. તેઓ કર્ણાટકના બેલગવીમાં જય '' બંધારણ રેલી માટે પણ જઈ શક્યા ન હતા, આ પહેલા તેઓ નવી દિલ્હી મતવિસ્તારમાં રાજકીય કાર્યક્રમ પણ કરી શક્યા ન હતા.

બુધવારે સાંજે ઈન્ડલોક મેટ્રો સ્ટેશન પાસે યોજાયેલી જાહેરસભામાં પણ પાર્ટીના નેતાઓ છેલ્લી ઘડી સુધી કહેતા રહ્યા કે રાહુલ ગાંધી ટૂંક સમયમાં આવવાના છે. પરંતુ બાદમાં જાણ કરવામાં આવી હતી કે તેમની તબિયત ખરાબ છે અને તેઓ આવતા નથી.


**જાહેર ચેતવણી**

આથી આ જાહેર ચેતવણી- નોટીસ આપી ઘનશ્યામભાઈ નારણભાઈ ખૂંટ રહે. બી-૧૪, મનમંદિર એપાર્ટમેન્ટ, એપ્રોચ, સ્વામીનારાયણ મંદિર પાસે, ઠક્કરબાપા નગર, અમદાવાદના ઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી જાહેર જનતા જોગ જણાવીએ છીએ કે,

અમારા અસીલનો પુત્ર મયુર ઉ.વર્ષ.૩૫ જે છેલ્લા ઘણા વર્ષથી કામ ધંધો કરતો નથી અને અમારા કહ્યામાં નથી ચાલ ચલગત પણ સારી નથી અને જે સ્વછંદી જીવન જીવતો હોઈ તેમજ ઘરના સભ્યોને જાણ કર્યા વગર ઘરેથી ઘણા સમય પહેલા ચાલ્યો ગયેલ છે. આથી પુત્ર મયુર ને સંપૂર્ણપણે બે દખલ જાહેર કરીએ છીએ. તેમજ તમામ સંબંધોનો અંત આણેલ છે. આજ પછી કોઈપણ પ્રકારનો સંબંધ રહેશે નહિ. તેઓના કોઈપણ પ્રકાર ના આર્થિક લેવડ-દેવડ કે સામાજીક રીતે કે વ્યવહારીક રીતે કોઈપણ પ્રકારની ગુન્હાહિત કૃત્ય કરે અથવા બે નામી વ્યવહારો કરે તો તેની સઘળી જવાબદારી તેઓની પોતાની રહેશે. તેના માટે અમારા અસીલની કોઈપણ પ્રકારે જવાબદાર રહેશે નહી. તેની નોંધ લેશો.

મારી સુચના અને ફરમાઈશથી
ઘનશ્યામભાઈ નારણભાઈ ખૂંટ
તા. ૨૩-૦૧-૨૦૨૫

કેતનભાઈ બી.વસોયા (એડવોકેટ)
ઠે. ૩૭/૨, ન્યુ અરવિંદનગર સોસાયટી
વિ.૧, શ્યામ શિખર સામે, બાપુનગર,
અમદાવાદ. મો. ૯૮૯૮૪૫૭૯૮૨



**નોટિસ**
**ફોર્મ નં. યુ.આર.સી.-૨**

**પ્રકરણ-૨૧ અંતર્ગત વિભાગ-૧ હેઠળ નોંધણી અંગે નોટિસ આપતી જાહેરાત કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૩૭૪(બી) અને કંપનીઝ (ઓથોરાઈઝડ ટુ રજીસ્ટર) નિયમો, ૨૦૧૪ નો નિયમ ૪(૧) ની બાબત માંઃ**

૧. આથી નોટિસ આપવામાં આવે છે કે, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા કલમ (૨) અન્વયે, લિમિટેડ લાયાબિલિટી પાર્ટનરશીપ ફર્મ અકુરાઈ PEB LLP (LLPIN: AAS-૦૧૨૪), કંપનીઝ એક્ટ ૨૦૧૩ ના પ્રકરણ-૨૧ ના વિભાગ-૧ હેઠળ શેર્સ દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી કરાવવા માટે સેન્ટ્રલ રેજીસ્ટ્રેશન સેન્ટર, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ સમક્ષ અરજી કરેલ છે.

૨. કંપનીનો મુખ્ય હેતુ નીચે પ્રમાણે છેઃ
કંપની નો મુખ્ય હેતુ પહેલે થી બનાવેલા સ્ટીલ સ્ટ્રકચર ની ડિઝાઈન કરવી, બનાવવાનું તથા વેચાણ અને વેપાર તથા ઉત્થાન કરવાનો સાથે ઈન્ડસ્ટ્રીઅલ શેડ, વેર હાઉસ તથા બીજા બિલ્ડીંગ ના બાંધકામ તથા બીજા અન્ય સંલગ્ન વેપાર તથા કોઈ પણ જાત ના બીજા વેપાર જે તમામ ભાગીદારો દ્વારા નક્કી કર્યા મુજબ કરવાનો છે.

૩. સૂચિત કંપની ના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન ની નકલ ની તપાસ, દુકાન ૧, શુભ કોમ્પ્લેક્સ, હાઈવે રોડ, તા. કલોલ, ગાંધીનગર-૩૮૨૭૨૧, ગુજરાત, ઈન્ડિયા ખાતે સ્થિત ઓફિસ પર થઈ શકે છે.

૪. આથી નોટિસ આપવામાં આવે છે કે, આ અરજી સામે વાંધો ધરાવતી કોઈપણ વ્યક્તિએ તેમનો વાંધો લેખિતમાં, નોટિસ પ્રકાશિત થયાના ૨૧ દિવસ સુધીમાં, રજીસ્ટ્રેર ઓફ કંપનીઝ, સેન્ટ્રલ રેજીસ્ટ્રેશન સેન્ટર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫, IMT માનેસર, ગુરગાંવ, હરિયાણા-૧૨૨૦૫૦ ના સરનામે મોકલવાનો રહેશે. તેની એક નકલ લિમીટેડ લાયાબિલિટી પાર્ટનરશીપ ફર્મ ને તેની રેજિસ્ટર્ડ ઓફિસે મોકલવાની રહેશે.

અરજદારનું નામ
સહી/-
૧. રાજેશકુમાર પટેલ
તારીખઃ ૨૪-૦૧-૨૦૨૫ ૨. મિત પટેલ


### પંજાબમાં કાગળો પર નકલી ગામ વસાવી દીધું

# અધિકારીઓએ ડેવલપમેન્ટના નામે લાખો રૂપિયા ચાંઉ કર્યા

ચંદીગઢ, તા.૨૩

દેશમાં નકલીની ભરમાર વચ્ચે હવે પંજાબમાં સરકારી અધિકારીઓએ કાગળ પર નકલી ગામ જ વસાવી લીધું. પંજાબના ફિરોઝપુર જિલ્લામાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં સરકારી અધિકારીઓએ લાખો રૂપિયા ચાંઉ કરવા માટે કાગળો પર એક નકલી ગામ જ વસાવી દીધું. આ નકલી ગામના નામ પર કેન્દ્ર સરકાર પાસેથી ૪૫ લાખ રૂપિયા લેવામાં આવ્યા. ત્યારબાદ વિકાસ કાર્ય માત્ર કાગળ પર જ કરાવી દેવામાં આવ્યું. આ મામલાનો ખુલાસો વર્ષો પછી RTI દ્વારા થયો છે. જિલ્લા વહીવટીતંત્રે આ સમગ્ર કૌભાંડની તપાસના આદેશ આપ્યા છે.

## આ મામલાનો ખુલાસો વર્ષો પછી RTI દ્વારા થયો છે, જિલ્લા વહીવટીતંત્રે તપાસના આદેશ આપ્યા છે

પ્રાપ્ત માહિતી પ્રમાણે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ મળીને ફિરોઝપુરની સરહદ પર સ્થિત નઈ ગટ્ટી રાજો કે ના નામ પર એક નકલી ગામ ન્યૂ ગટ્ટી રાજો કે ને કાગળો પર વસાવી દીધું. ત્યારબાદ આ નકલી ગામના વિકાસ કાર્યો કાગળો પર જ શરૂ કરી દેવામાં આવ્યા અને કેન્દ્ર સરકાર તરફથી મળેલી ૪૫ લાખ રૂપિયાની રકમ ચાઉં કરી ગયા. આ મામલો લગભગ પાંચ વર્ષ પહેલાનો છે, જયારે પંજાબમાં કોંગ્રેસની સરકાર હતી.

જયારે એક વ્યક્તિને આ કૌભાંડની જાણ થઈ ત્યારે તેણે ૨૦૧૯માં RTI દાખલ કરી અને સંબંધિત વિભાગ પાસેથી માહિતી માગી. આ દરમિયાન તેને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળવા લાગી. તેમ છતાં આ વ્યક્તિએ હાર ન માની.

હવે આટલા વર્ષો પછી જ્યારે RTI દ્વારા જાણકારી મળી તો સામે આવ્યું કે, તે સમયના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ કાગળમાં જ ગામ વસાવતા રહ્યા અને કાગળોમાં જ વિકાસ કાર્ય કરતા રહ્યા. આ દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી મળેલા લગભગ ૪૫ લાખ રૂપિયા ચાઉં કરી ગયા હતા.


ADITYA BIRLA CAPITAL
PROTECTING INVESTING FINANCING ADVISING

**આદિત્ય બિરલા હાઉસિંગ ફાયનાન્સ લિ.**

રજિસ્ટર્ડ ઓફિસ- ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૬
શાખા ઓફિસઃ આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ, ૨ જે માળે, જયદેવ કોમ્પ્લેક્સ, પશાભાઈ પેટ્રોલ પંપ સામે, સ્ટેટ હાઈવે, મહેસાણા, ગુજરાત-૩૮૪૦૦૨
૧.એબીએચએફએલઃ અધિકૃત અધિકારીશ્રી કુલદીપ ભટ્ટ - ૯૧ ૯૯૦૯૨૯૨૯૨૪
૨. હરાજી સર્વિસ પ્રોવાઈડર (એએસપી): મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેકનોલોજિસ પ્રા.લિ. (ઓક્શનટાઈગર) શ્રી રામ શર્મા- સંપર્ક નં. ૮૦૦૦૦૨૩૨૯૭ અને ૯૨૬૫૫૬૨૮૧૯

**સ્થાવર સંપત્તિના વેચાણ માટે વેચાણ નોટિસ**

આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી આથી જાણ કરે છે કે ધ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળની સૂચિત હરાજી બીજી નોટિસ ન મળે ત્યાં સુધી રદ કરવામાં આવેલ છે.
રદ થયેલ હરાજીઓની યાદી નીચે મુજબ છેઃ

| દેવાદાર(રો)/ સહદેવાદાર(રો)/ જામીનદારોનાં નામ | સિક્યોર્ડ અસ્ક્યાત(તો)ની વિગતો જાણીતા કરભારણો સાથે, જો હોય તો | સૂચિત હરાજી - હરાજીના તારીખ અને સમય |
|---|---|---|
| કિરીટકુમાર પ્રભુદાસ લિંબાચિયા અને કૈલાસબેન નાયી અને હાર્દિક કિરીટભાઈ નાયી | દુકાન નં. બી ૧, બી ૨, ભોંયરાના માળે, માપણી પ્લોટ એરિયા ૨૬.૯૪ ચો.મી., શ્રીજી માર્કેટ, રાધનપુર ચોકડી પાસે, ગોપી નાળા રોડ, રે.સ.નં. ૧૯૫૩, મ્યુનિ.સેન્સ.નં. ૪/૮/૬૩/૧૭ અને ૪/૮/૬૩/૧૮ મહેસાણાની સીમ, તા. અને જિ. મહેસાણા, ગુજરાત-૩૮૪૦૦૨ના તમામ હક્કહિસ્સા. સીમાઓઃ પૂર્વેઃ દુકાન નં. બી-૧, પશ્ચિમેઃ ખુલ્લો પેસેજ | હરાજી તારીખ ૨૮/૦૨/૨૦૨૫ હરાજી પોર્ટલઃ https://sarfaesi.auctiontiger.net |

તારીખઃ ૨૪-૦૧-૨૦૨૫
સ્થળઃ મહેસાણા

અધિકૃત અધિકારી
(આદિત્ય બિરલા હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ)



**જાહેર નોટીસ** જત ડિસ્ટ્રિક્ટ અમદાવાદ, ના તાલુકે સીટી, મોજે ગામ પાલડી ,ની સીમના, ટી. પી. સ્કીમ નં. ૨૨ (વાસણા), ફાઈનલ પ્લોટ નં. ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૩૯ અને ૨૪૦, ઉપલવ કો. ઓ. હાઉસિંગ સોસાયટી લી. માં આવેલ બંગલા નં. ૧૯ જેની હાલ માલિકી મયુર પ્રફુલચંદ્ર ત્રિપાઠી અને અંતિમ પ્રફુલચંદ્ર ત્રિપાઠીની છે. સદર સોસાયટીએ શેર સર્ટિફિકેટ નં. ૨૧, હસુમતીબેન પ્રફુલચંદ્ર ત્રિપાઠીના નામે તારીખ ૨૨-૦૧-૧૯૬૭ નારોજનો ફાળવેલ. ત્યાર બાદ હસુમતીબેન પ્રફુલચંદ્ર ત્રિપાઠીએ રજી. વિલ નં. ૬૩૦૮/૨૦૧૧ અને રજી. સુધારાનો વિલ નં. ૯૯૫૩/૨૦૧૬ થી સદર મિલકત મયુર પ્રફુલચંદ્ર ત્રિપાઠી અને અંતિમ પ્રફુલચંદ્ર ત્રિપાઠીને આપેલ છે. સદર શેર સર્ટિફિકેટ નં. ૨૧ અગાઉના માલિક પાસેથી ખોવાઈ ગયેલ જે તેમના ઘર, ઓફીસ, બેંક લોકર વિગેરે જગ્યાએ શોધ ખોળ કરેલ પરંતુ ક્યાંક ભૂલમાં આડા અવળા મુકાઈ ગયેલ છે. જે મળી આવેલ નથી. સદર શેર સર્ટીફીકેટ ખોવાયા અંગેની ફરિયાદ વેજલપુર પોલીસ સ્ટેશનમાં તારીખ ૧૦-૦૧-૨૦૨૫ નારોજ આપેલ છે. સદર સોસાયટીની તારીખ ૦૯-૦૪-૨૦૧૧ નારોજ મળેલ કારોબારી વ્યવસ્થાપક કમિટી સભાના ઠરાવ નં. ૨ ના આધારે ડુપ્લીકેટ શેર સર્ટિફિકેટ ફાળવેલ છે. મયુર પ્રફુલચંદ્ર ત્રિપાઠી અને અંતિમ પ્રફુલચંદ્ર ત્રિપાઠી સદર મિલકત જ્યોતિબેન જીતેન્દ્રભાઈ રાંભિયા અને નીલમ પલક શાહનંદને વેચવા માંગે છે. જ્યોતિબેન જીતેન્દ્રભાઈ રાંભિયા અને નીલમ પલક શાહનંદ લોન લેવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા આર એ. સી. પી. સી. એપ્લાય કરેલ છે. અને અમારી પાસે ટાઈટલ ક્લીઅર સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

આમ મજકુર મિલકતમાં કોઈનો પણ માલિકી હક્ક, લાગ-ભાગ, હિસ્સો કે કોઈપણ પ્રકારનો બોજો, તારણમાં મુકેલ હોય તો અમોને દિન-૦૭ માં નીચેના સરનામે રજીસ્ટર્ડ એ. ડી. થી લેખિતમાં પુરાવા સહીત જાણ કરવી અન્યથા કોઈપણ વ્યક્તિનો સદર મિલકતમાં કોઈપણ પ્રકારની માલિકી, કે પ્રકારનો લાગ-ભાગ હક્ક-હિસ્સો નથી અને હશે તો તેઓએ પોતાનો હક્ક હિસ્સો જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યું કરીશું ત્યાર બાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહિ જેની નોંધ લેશો. અમદાવાદ

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી. Date: 16-01-2025

Ahmedabad **MOIN M. BUKHARI** (Advocate) 842, 8th Floor, Block No. A, Sun Westbank, Vallabh Sadan, Opp. City Gold Cinema, Ashram Road, Ahmedabad.



ADITYA BIRLA CAPITAL

**આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસ- ઈન્ડિયન રેયોન કંપાઉન્ડ, વેરાવળ, ગુજરાત-૩૬૨૨૬૬
શાખા ઓફિસ : ૩૦૭, ૩જે માળે, ટર્કોઈઝ બિલ્ડિંગ, પરિમલ ગાર્ડન સામે, પંચવટી ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૬.

એપેન્ડિક્સ-૪ (જુઓ ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨નો નિયમ ૮ (૧))

કબજા નોટિસ (સ્થાવર સંપત્તિ માટે)

નીચે સહી કરનાર આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી તરીકે ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨), સેક્શન ૧૩(૧૨)ને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો,૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાણે લેતા હેઠળ મળેલ અધિકારોની રૂએ તા.૧૨-૧૧-૨૦૨૪ના રોજ દેવાદારો અમૃતભાઈ બળદેવભાઈ પટેલ, જાગૃતિબેન અમૃતભાઈ પટેલ, કિશન પ્રકાશભાઈ પટેલ અને રામદેવ ઓઈલ મિલને નોટિસમાં જણાવેલ રકમ રૂ. ૨,૧૬,૦૮,૯૧૫ /-(અંકે રૂપિયા બે કરોડ સોળ લાખ આઠ હજાર નવસો પંદર પૂરા) આ નોટિસ મળ્યાની તારીખથી દિન ૬૦માં ભરપાઈ કરી જવા કહેલ.

દેવાદારો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાને લીધે, દેવાદારો તથા જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સદરહુ કાયદાના સેક્શન ૧૩ (૪) અને ધી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમો પૈકી નિયમ ૮ સાથે વંચાણે લેતાં મળેલ અધિકારો હેઠળ નીચે વર્ણન કરેલ મિલકતનો આ વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરી માસની ૨૧મી તારીખે કબજો લીધો છે.

દેવાદારોને વિશેષરૂપે અને જાહેર જનતાને સામાન્ય રીતે આ મિલકત સાથે કોઈ વ્યવહાર ન કરવા માટે ચેતવણી આપવામાં આવે છે અને કોઈ પણ આવો વ્યવહાર અત્રે જણાવેલ રકમ રૂ. ૨,૧૬,૦૮,૯૧૫ /-(અંકે રૂપિયા બે કરોડ સોળ લાખ આઠ હજાર નવસો પંદર પૂરા) તેના વ્યાજસહિતની રકમ સાથે આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડને એના ચાર્જને અધીન રહેશે. સિક્યોર્ડ અસ્ક્યામત છોડાવવાના સંદર્ભે મળવાપાત્ર સમયમર્યાદા અંગે કાયદાના સેક્શન ૧૩ના સબસેક્શન ૮નીજોગવાઈ તરફ દેણદારોનું ધ્યાન દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

સ્થાવર મિલકત રો હાઉસ નં. ૩૮, માપણી ૧૯૫.૬૧ ચો. વાર એટલે કે ૧૭૬૦ચો.ફીટ તે શ્રી ડ્રાઈવ-ઈન પાર્ક એપાર્ટમેન્ટ્સ કોઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ વિભાગ-૧માં જમીનમાં અવિભાજિત હિસ્સા સાથે, જે સ્કિમ ગોયલ ઈન્ટરસિટી તરીકે જાણીતી છે એફ.પી. નં. ૧૦૯ ધારક પૈકી, ટી.પી.એસ. નં. ૦૨, મોજે થલતેજ, તાલુકો સિટી, તહેસિલ ઘાટલોડિયા, જિ. અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૬૧ આ મિલકતના તમામ હક્કહિસ્સા. સીમાઓઃ પૂર્વેઃ રો હાઉસ નં.૮, પશ્ચિમેઃ સોસાયટી રોડ, ઉત્તરેઃ રો હાઉસ નં. ૩૭, દક્ષિણેઃ રો હાઉસ નં. ૩૯.

તા. ૨૧-૦૧-૨૦૨૫
સ્થળઃ અમદાવાદ

અધિકૃત અધિકારી
આદિત્ય બિરલા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ



**કેન્વી જ્વેલ્સ લિમિટેડ** CIN : L52390GJ2013PLC075720

**રજિસ્ટર્ડ ઓફિસ :** શોપ નં. ૧૨૧ અને ૧૨૨, સુપર મોલ કોમ્પ્લેક્સ, લાલ બંગલો પાસે, સીજી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૬, ગુજરાત, ઈન્ડિયા
Website : www.kenvijewels.com || Email : compliance.kjl@gmail.com

**પોસ્ટલ બેલેટ નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૧૦૮, ૧૧૦ અને અન્ય લાગુ જોગવાઈઓ, જે કંપનીઓ (મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ ના નિયમ ૨૦, ૨૨ સાથે વાંચવામાં આવે છે અને ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા પરિપત્રો અને આવા અન્ય લાગુ કાયદા અને નિયમો અનુસાર, ઈલેક્ટ્રોનિક માધ્યમો (રિમોટ ઈ-વોટિંગ) દ્વારા ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પોસ્ટલ બેલેટ નોટિસમાં દર્શાવેલ સામાન્ય ઠરાવ માટે કંપનીના સભ્યોની મંજૂરી માંગવામાં આવી રહી છે.

**ઠરાવનું વર્ણન અને પ્રકાર**

૧. કેઝ્યુઅલ વેકેન્સી ભરવા માટે કંપનીના સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક કરવી - સામાન્ય ઠરાવ

કંપનીએ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ સ્પષ્ટીકરણ નિવેદન સાથે પોસ્ટલ બેલેટ નોટિસની ઈલેક્ટ્રોનિક નકલો કંપનીના તે બધા સભ્યોને મોકલવાનું પૂર્ણ કર્યું છે જેમના નામ કંપનીના સભ્યોના રજિસ્ટર / ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતા લાભાર્થી માલિકોની યાદીમાં કટ-ઓફ તારીખ, ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ દેખાય છે અને જેમણે તેમના ઈમેઈલ આઈડી રજીસ્ટર કરાવ્યા છે. MCA પરિપત્ર હેઠળ મુક્તિને અનુરૂપ, પોસ્ટલ બેલેટ ફોર્મ, પ્રીપેડ બિઝનેસ રિપ્લાય એન્વલપ્સ સાથે નોટિસની ફીઝીકલ નકલો સભ્યોને મોકલવામાં આવી રહી નથી. કંપનીએ સભ્યોને ઈલેક્ટ્રોનિક રીતે વોટિંગ કરવા સક્ષમ બનાવવા માટે રિમોટ ઈ-વોટિંગ સેવાઓ પૂરી પાડવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ('NSDL') ની નિમણૂક કરી છે. આ નોટિસ કંપનીની વેબસાઈટ www.kenvijewels.com, નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ www.evoting.nsdl.com, BSE લિમિટેડ www.bseindia.com પર ઉપલબ્ધ છે. સભ્યો રિમોટ વોટિંગ દ્વારા રિમોટ વોટિંગ દ્વારા ઈલેક્ટ્રોનિક રીતે વોટિંગ કરી શકે છે જે **શુક્રવાર, ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ સવારે ૦૯.૦૦ વાગ્યે શરૂ થશે અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ શનિવાર સાંજે ૦૫.૦૦ વાગ્યે પૂર્ણ થશે.** ત્યારબાદ રિમોટ વોટિંગ NSDL દ્વારા બ્લોક કરવામાં આવશે અને ઉપરોક્ત તારીખ અને સમય પછી વોટિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. કંપનીએ મેસર્સ નીલમ સોમાણી એન્ડ એસોસિએટ્સ (COP 12454) ના પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી શ્રીમતી નીલમ રાઠીને પોસ્ટલ બેલેટ માટે રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયાને ન્યાયી અને પારદર્શક રીતે ચકાસવા માટે સ્ક્રુટિનાઈઝર તરીકે નિયુક્ત કર્યા છે. ઈ-વોટિંગ પૂર્ણ થયાના ૨ કાર્યકારી દિવસોમાં સ્ક્રુટિનાઈઝર પોતાનો રિપોર્ટ સબમિટ કરશે અને સ્ક્રુટીનાઈઝર રિપોર્ટ સાથે પરિણામો કંપનીની વેબસાઈટ www.kenvijewels.com, NSDL www.evoting.nsdl.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ રહેશે. કોઈપણ સભ્ય જેને પોસ્ટલ બેલેટ નોટિસ મળી નથી તે compliance.kjl@gmail.com પર ઈમેઈલ મોકલી શકે છે અથવા રજિસ્ટર્ડ ઓફિસમાંથી મેળવી શકે છે અથવા www.kenvijewels.com પર કંપનીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકે છે. ઈ-વોટિંગ પ્રક્રિયા સંબંધિત કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો www.evoting.nsdl.com ના મદદ વિભાગ હેઠળ ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને સભ્યો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે. ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટિંગ કરવાની સુવિધા સાથે જોડાયેલ કોઈપણ ફરિયાદના કિસ્સામાં, સભ્યો evoting@nsdl.co.in પર ઈમેઈલ કરી શકે છે અથવા 022-48867000 પર કૉલ કરી શકે છે.

કેન્વી જ્વેલ્સ લિમિટેડ માટે
તારીખ : ૨૩-૦૧-૨૦૨૫ sd/- **ચિરાગકુમાર ચંપકલાલ વાલાણી**
સ્થળ : અમદાવાદ મેનેજિંગ ડિરેક્ટર - DIN : 06605257



HDFC BANK We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ**

**શાખા :** એચડીએફસી હાઉસ, મીઠાકળી સિક્સ લેન રોડ પાસે, નવરંગપુરા અમદાવાદ-૩૮૦૦૦૯. ટેલ: ૦૭૯-૬૬૩૦૭૦૦૦

**ડિમાન્ડ નોટિસ**

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ સુરક્ષા હિત (અમલબજવણી) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વંચાતી

જ્યારે નીચે સહી કરાયેલ એચડીએફસી બેંક લિમિટેડના અધિકૃત અધિકારી (અગાઉની એચડીએફસી લિમિટેડ, જેણે માનનીય એનસીએલટી-મુંબઈ દ્વારા ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાને કારણે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, સુરક્ષા હિત (અમલબજવણી) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેમાં ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો / કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને અહીં સૂચિબદ્ધ કરવામાં આવી છે, જે સંબંધિત માંગ નોટિસમાં ઉલ્લેખિત રકમ ચૂકવવા માટે, નીચે આપેલી વિગતો મુજબ, સંબંધિત નોટિસ/ની તારીખથી 60 દિવસની અંદર. નીચે સહી કરાયેલા લોકોએ, આ નોટિસોને ઉક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર (ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ના છેલ્લા જાણીતા સંબંધિત સરનામાંના પરિસરમાં ચોંટાડવામાં આવી છે. ઉપરોક્ત નોટિસની નકલો ઓછી સહી કરાયેલી વ્યક્તિ પાસે ઉપલબ્ધ છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિઓ, જો તેઓ ઇચ્છે તો, ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે અન્ડરસહી કરેલી પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરી શકે છે.

ઉપરોક્ત સંબંધે, ઉપરોક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ને એચડીએફસીને ચુકવણી કરવા માટે આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર, નીચે જણાવેલ તારીખોમાંથી ઉપરોક્ત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત વિગતો અનુસાર, વધુ વ્યાજ સાથે, કોલમ (સી) માં નીચે જણાવેલી તારીખોથી ચુકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી, વધુ વ્યાજ સાથે, એચડીએફસીને ચૂકવણી કરવા માટે નોટિસ આપવામાં આવે છે, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો, જો કોઈ હોય તો, ઉક્ત ઋણલેનાર (ઓ) દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા છે તેની સાથે વાંચો. લોનની યોગ્ય પુનઃચુકવણી માટેની જામીનગીરી તરીકે, નીચેની સિક્યોર્ડ એસેટ્સ(ઓ)ને ઉપરોક્ત ઋણલેનાર (ઓ) દ્વારા અનુક્રમે એચડીએફસી પાસે ગીરવે મૂકવામાં આવી છે.

ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) / કાનૂની પ્રતિનિધિ(ઓ) સુરક્ષિત અસકયામત/ઓ રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

| ક્રમ નં. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | કુલ બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ |
| 1 | શ્રી બારોટ કર્મ (ઋણલેનાર) શ્રીમતી બારોટ નિલમબેન (સહ-ઋણલેનાર) | ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ રૂ. ૧૫,૬૯,૯૪૦/- અને રૂ. ૫૯,૦૧૨/- બાકી | ૦૮.૦૧.૨૦૨૫ | યુનિટ-એએ-૧૫, સુરમ્ય અબોડે, એસ નં. ૨૨૦, ગામ: રેથલ, સાણંદ નળસરોવર રોડ, તાલુકો - સાણંદ, અમદાવાદ- ૩૮૨૧૧૦ |
| 2 | શ્રી કોહલી આશિષ સુભાષચંદર (ઋણલેનાર) શ્રી કોહલી મનીષ સુભાષચંદર (સહ-ઋણલેનાર) | ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ રૂ. ૨૪,૩૧,૩૨૨/-, રૂ. ૪૯,૩૪,૨૩૭/- અને રૂ. ૫,૬૦,૫૬૧/- બાકી | ૦૮.૦૧.૨૦૨૫ | યુનિટ-૯, નિર્વાણ ગ્રીન્સ, એસ નં. ૯૩૧, ૯૩૨/પી, ૯૩૩, ૯૩૪, ૯૩૭, ૯૩૮/૧, ૯૩૮/૨, ૯૩૯, ૯૪૦, ૯૪૧, ૯૪૨ અને ૯૪૩, સાણંદ વિરમગામ હાઇવે, કલ્હાર બ્લૂઝ એન્ડ ગ્રીન્સની સામે, અમદાવાદ - ૩૮૨૧૧૦ |
| 3 | શ્રી રાય દીનદયાળ (ઋણલેનાર) શ્રીમતી રાય શિપ્રા (સહ-ઋણલેનાર) | ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ રૂ. ૪૪,૭૬,૫૨૦/- અને રૂ. ૧,૮૭,૯૪૮/- બાકી | ૦૮.૦૧.૨૦૨૫ | ફ્લેટ-ઇ/૫૦૩, પાંચમો માળ, રિફ્લેક્શન્સ - બ્લોક ઇ, પ્લોટ ટી પી એસ - ૬૩, એસ નંબર ૫૩૦, ૫૩૧, એફ પી ૯૭+૯૮, ગાલા હેવનની સામે, વૈશોદેવી મંદિર ક્રોસ રોડ પાસે, એસ પી રિંગ રોડની બાજુમાં, અમદાવાદ - ૩૮૦૦૧૫ |
| 4 | શ્રી સરકાર અનિંદ્યા નિત્યારંજન (ઋણલેનાર) શ્રીમતી સરકાર લુના અનિંદ્યા (સહ-ઋણલેનાર) | ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ રૂ. ૫,૫૭,૩૮૨/- બાકી | ૦૮.૦૧.૨૦૨૫ | ફ્લેટ નં-સી/૩૩, નવરંગ ટાવર, સાયનિકનગર ઘાટલોડિયા સીએચએસ લિમિટેડ, ટી પી-૧, એફ પી-૨૩૨, સાર્થક સ્કૂલની સામે, મંથન કોમ્પ્લેક્સ પાસે, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧ |
| 5 | શ્રી વ્યાસ વિનાયક એસ (ઋણલેનાર) શ્રીમતી વ્યાસ આરતી વિનાયક (સહ-ઋણલેનાર) | ૩૦-૧૧-૨૦૨૪ ના રોજ રૂ. ૧૪,૩૯,૨૬૧/- બાકી | ૦૮.૦૧.૨૦૨૫ | ફ્લેટ-૩૭/૦૦૭, ગ્રાઉન્ડ ફ્લોર, ન્યુ હેવન કોમ્પેક્ટ, પ્લોટ બ્લોક નં.૧૨૬૩ (પાર્ટ), એસ નં.બ્લોક નં.૧૨૬૩ (પાર્ટ), વડસર કલોલ રોડ, મોતી ભોયન, કલોલ, કલોલ, અમદાવાદ- ૩૮૨૭૨૧ |

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જીસ વગેરે સાથે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી કરવામાં આવે છે. જો ઉપરોક્ત ઋણલેનારઓ ઉપરોક્ત મુજબ એચડીએફસીને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એચડીએફસી ઉપરોક્ત કાયદાની કલમ 13 (4) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ(ઓ) / સ્થાવર મિલકત (ઓ) અને લાગુ પડતા નિયમો સામે ખર્ચ અને પરિણામો અંગે ઉપરોક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર (ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ના જોખમે સંપૂર્ણપણે લાગુ નિયમો સામે કાર્યવાહી કરશે.

ઉપરોક્ત ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ઉપરોક્ત કાયદા હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ (ઓ) / સ્થાવર મિલકત (ઓ) ને સ્થાનાંતરિત કરવા માટે પ્રતિબંધિત છે, પછી ભલે તે એચડીએફસીની આગોતરી લેખિત સંમતિ વિના વેચાણ, ભાડાપટ્ટા અથવા અન્યથા હોય. કોઈ પણ વ્યક્તિ કે જે તે હેઠળ કરવામાં આવેલા કાયદા અથવા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે અથવા તેને ઉત્તેજન આપે છે, તો તે અધિનિયમ હેઠળ જોગવાઈ કર્યા મુજબ કારાવાસ અને/ અથવા દંડને પાત્ર થશે.

એચડીએફસી બેંક લિ.
સહી/-
તારીખ : ૨૩.૦૧.૨૦૨૫
સ્થળ : અમદાવાદ
અધિકૃત અધિકારી

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક લિમિટેડ, એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ). મુંબઈ-૪૦૦૦૧૩.
CIN: L65920MH1994PLC080618 વેબસાઇટ: www.hdfcbank.com

HDFC BANK
We understand your world

## HDFC Bank Limited

**Branch: HDFC House, Near Mithalkhali Six Roads, Navrangpura Ahmedabad-380009. Tel :- 079-66307000**

## DEMAND NOTICE

Under Section 13 (2) of the Securitisation And Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 (Act) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002.

Whereas the undersigned being the Authorised Officer of **HDFC Bank Limited** (erstwhile HDFC Limited having amalgamated with HDFC Bank Limited by virtue of a Scheme of Amalgamation approved by Hon'ble NCLT-Mumbai vide order dated 17th March 2023) (HDFC) under Securitisation and Reconstruction of Financial Assets and Enforcement Of Security Interest Act, 2002 and in exercise of powers conferred under Section13 (12) read with Rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002, issued Demand Notices under Section 13 (2) of the said Act, calling upon the Borrower(s) / Legal Heir(s) / Legal Representative(s)listed hereunder, to pay the amounts mentioned in the respective Demand Notice/s, within 60 days from the date of the respective Notice/s, as per details given below. The undersigned have, caused these Notices to be pasted on the premises of the last known respective addresses of the said Borrower(s) / Legal Heir(s) / Legal Representative(s). Copies of the said Notices are available with the undersigned, and the said Borrower(s) / Legal Heir(s) / Legal Representative(s), may, if they so desire, collect the respective copy from the undersigned on any working day during normal office hours.

In connection with the above, Notice is hereby given, once again, to the said Borrower(s) / Legal Heir(s) / Legal Representative(s) to pay to **HDFC**, within 60 days from the date of publication of this Notice, the amounts indicated hereinbelow in their respective names, together with further interest as applicable according to the detailsmentioned in the said Demand Notices from the respective dates mentioned below in column (c) till the date of payment and / or realisation, read with the loan agreement and other documents/writings, if any, executed by the said Borrower(s). As security for due repayment of the loan, the following Secured Asset(s) have been mortgaged to **HDFC** by the said Borrower (s) respectively.

Borrower(s) / Legal Heir(s) / Legal Representative(s) attention is invited to the provisions of sub-section (8) of section 13 of the Act, in respect of time available to redeem the secured asset/s.

| Sr. No. | Name of Borrower(s) / Legal Heir(s) / Legal Representative(s) | Total Outstanding Dues | Date of Demand Notice | Description of Secured Asset(s) /Immovable Property (ies) |
|---|---|---|---|---|
| (a) | (b) | (c) | (d) | (e) |
| 1 | **MR BAROT KARM (Borrower) MRS BAROT NILAMBEN (Co-Borrower)** | Rs. 15,69,940/-and Rs. 59,012/- respectively dues as on 30-NOV-2024* | 08-JAN-25 | UNIT-AA-15, SURAMYA ABODE, S NO 220, VILLAGE: RETHAL, SANAND NALSAROVAR ROAD, TA-SANAND, AHMEDABAD- 382110 |
| 2 | **MR JADAV PRATIKKUMAR PRAVINBHAI (Borrower) MRS JADAV CHANDRIKABEN (Co-Borrower)** | Rs. 26,18,537/-and Rs. 1,26,052/-dues respectively as on 30-NOV-2024* | 08-JAN-25 | ROW HOUSE-43, GREEN VALLEY, S NO 47, BLOCK 56/A, OPP. SHUBH RESIDENCY, B/H. SAI DARSHAN RESIDENCY, CANAL ROAD, DINDOLI, SURAT- 394210 |
| 3 | **MR KOHLI ASHISH SUBHASHCHANDER (Borrower) MR KOHLI MANISH SUBHASHCHANDER (Co-Borrower)** | Rs. 24,31,322/-, Rs. 49,34,237/-and Rs. 5,60,561/-dues respectively as on 30-NOV-2024* | 08-JAN-25 | UNIT-9, NIRVANA GREENS, S NO 931, 932/P, 933, 934, 937, 938/1, 938/2, 939, 940, 941, 942 & 943, OFF SANAND VIRAMGAM H'WAY, OPP KALHAAR BLUES & GREENS, AHMEDABAD- 382110 |
| 4 | **MR RAI DEENPAL (Borrower) MRS RAI SHIPRA (Co-Borrower)** | Rs. 44,76,520/- and Rs. 1,87,948/- dues respectively as on 30-NOV-2024* | 08-JAN-25 | FLAT-E/503, FLOOR-5, REFLECTIONS - BLOCK E, PLOT TPS-63, S NO 530, 531, FP 97+98, OPP. GALA HAVEN, NR. VAISHODEVI TEMPLE CROSS ROADS, OFF S P RING ROAD, AHMEDABAD- 380015 |
| 5 | **MR SARKAR ANINDYA NITYARANJAN (Borrower) MRS SARKAR LUNA ANINDYA (Co-Borrower)** | Rs. 5,57,382/- dues as on 30-NOV-2024* | 08-JAN-25 | FLAT NO-C/33, NAVRANG TOWER, SAYNIKNAGAR GHATLODIA CHS LTD, TP-1, FP-232, OPP SARTHAK SCHOOL, NEAR MANTHAN COMPLEX, SOLA ROAD, GHATLODIA, AHMEDABAD-380061 |
